# લાઇફમાં મિત્રને કોઇ દુશ્મન ખરો?

શો-શા

## મિત્ર ગઢવી

**અત્યાર સુધીના કરિયરમાં સૌથી અજીબ રોલ કયો હતો?**

આ જ રોલ (અત્યારે જે ફિલ્મ કરી છે 'અસંભાઉઉઉ') આ રોલ માટે કોઇ એક્ટર ના નહીં કહી શકે! જ્યારે પહેલી વાર સ્ટોરી સાંભળી ત્યારે થયું ઓહ! ફિલ્મ આટલી અદભૂત અને કેરેક્ટર આટલું અદભૂત છે એટલે આ રોલ મારો ડ્રીમ રોલ છે.

**જો મિત્રને રોનક કામદારનું ઇન્સ્ટાગ્રામ મળે તો શું કરો?**

સુધારી દઉં! એના કરતા સારુ મને આવડે છે, હું બહુ બધા ફોટોશૂટ કરું છું તેની પાસે બહુ બધી રિલ્સ બનાવડાવી લઉં અને રીચ તો વધારી જ દઉં!

**કઇ એવી આદત જેનાથી કો-સ્ટાર ઇરિટેટ થાય છે?**

અનફિલટડ આન્સર્સ આપવા, હું બોવ વિચારીને જવાબ નથી આપતો. સુગર કોટિંગ ઝીરો છે મારામાં.

**લોકોના મગજમાં એવું છે કે બહુ જોલી છે તો એવું ક્યારેય થયું કે તમે સિરીયસ ટોપીક પર વાત કરતા હોય અને લોકોએ મજાકમાં લઇ લીધું હોય?**

હું છું મસ્તી લવર, મને ગમે છે પણ જ્યારે વાત સિરીયસ હોય ત્યારે વાર નથી લાગતી કે શાંતિથી સાંભળો!

**એક બાળનાટક કરેલું ઘનચક્કર ઘનીયો તો શું આજે પણ એ ઘનીયો તમારામાં જીવંત છે?**

એ બાળનાટક હું જ્યારે 13-14 વર્ષનો હતો ત્યારે આ નાટક કરેલું ત્યારે અમે આખા ગુજરાતમાં તે નાટકનું પ્રમોશન કરેલું. બહું સકસેસફૂલ નાટક હતું. એ કેરેક્ટર તો નહીં પણ એનો કોન્ફિડન્સ મારામાં હજુ એમને એમ છે. કેમ કે એક નાટક માટે આખા ગુજરાતમાં ફરો પહેલી વાર ફેમનો અનુભવ થયો હતો! લોકો બેકસ્ટેજ અમને મળતા હતા. એ કોન્ફિડન્સ હજુ હેલ્પ કરે છે!

**લાઇફમાં મિત્રને કોઇ દુશ્મન ખરો?**

(હસીને અલફાઝ મેરે) ઘણી વાર મારા શબ્દો મારા દુશ્મન બની જાય છે કેમ કે હું બોલવામાં આકરો છું!

## શિવાની ભારદ્વાજ

**કો-સ્ટારે કોઇ નિક નેમ આપ્યું હોય?**

શિવાનો ! કેમકે મિત્રને એવું છે કે હું દરેક બાબતમાં ના પાડી દવ છું.

**સેટ પર શેની ટ્રાઇ કરો છે?**

હું સેટ પર ટ્રાઇ કરું છું ઇનોસેન્ટ રહેવાની!

**રોનક અને મિત્રમાંથી કોઇ એક સાથે એક દિવસ ટોલરેટ કરવાનું હોય તો તે કોણ હશે?**

રોનક! કેમ કે આ એમ ટોલરેટેડ હીમ 40 ડેસ.

**શિવાનીમાં કઇ એવી વસ્તુ જે રેડ ફ્લેગ છે?**

હું મૂડી છું! અને મને કોઇ શરમ નથી આવતી કે મારી મૂવી

**ફોનમાં સૌથી વધારે કોના ફોટા જોવા મળશે?**

મારા જ! હું ઓડિશન કરું છું ત્યારે ઘણા બધા ફોટા કાસ્ટિંગ ડાયરેક્ટરને મોકલવા પડે છે. ઇન્સ્ટા પર ફોટા અપડેટ કરતા રહેવું તેના માટે સૌથી વધુ ફોટા મારા જ હોય.



## રોનક કામદાર

**આ ફિલ્મ વિશે રોનકને શું કહેવું છે?**

મેં અત્યાર સુધી જેટલી ફિલ્મો કરી તેમાં આ ફિલ્મ સૌથી હેપ્પી, સૌથી પ્રેમાળ ફિલ્મ આ જ છે. જે આ ફિલ્મ જોશે તે સ્માઇલ કરશે!

**જો ગર્લફ્રેન્ડ કહે એક્ટિંગ છોડીને બિઝનેસ કરો તો શું પસંદ કરો?**

તો એ ગર્લફ્રેન્ડ ના રહે પછી! ફ્રેન્ડ રહે અને જો ફરીથી એવી વાત કરે તો ફ્રેન્ડ પણ ના રહે!

**એક દિવસ જો મિત્ર ગઢવી અને શિવાનીનો ઇન્સ્ટા પાસવર્ડ મળી જાય તો ?**

આખા ગામને DM કરી નાખું! શિવાનીના અકાઉન્ટમાંથી મિત્રના અકાઉન્ટ DM કરી દવ અને મિત્રના અકાઉન્ટમાંથી શિવાનીના અકાઉન્ટમાં DM કરી દવ! માત્ર મસ્તી કરવા માટે. આવું તો ક્યારેય થવાનું છે નહીં! જો થઇ ગયું તો હું તો મસ્તી જ કરું.

**કો-સ્ટાર સાથે મોકો મળે રોડ ટ્રિપ કરવાનો અને 10 મિનિટ પછી થાય પાછો આવતો રહું તો તે કોણ હશે?**

ચાર પાંચ દિવસથી કો-સ્ટાર સાથે જ રોડ ટ્રિપ કરી જ રહ્યા છીએ! અને હજુ સુધી એવું લાગ્યું નથી, પણ મિત્ર સેફ્ટી માટે!

**એવી વાત જે કોઇ ન જાણતું હોય?**

એવું તો મને કેમ ખબર પડે કે ઓડિયન્સને શું ખબર નથી કેમ કે સોશિયલ મિડિયા યુઝ કરું છું એટલે મોસ્ટલી મારી લાઇફ કે ટ્રાવેલિંગ અપડેટ કરતો રહું છું, મારું ઘર કેવું દેખાય છે અંદરથી, મને કોફી કરતા ચા વધારે ગમે છે એટલે ઓડિયન્સ એ પણ જાણે છે કે મને જ્યારે કામ ન હોય ત્યારે આખો દિવસ આડા પડ્યા રહેવાનું ગમે છે.

**ગુજરાતમિત્રના વાંચકોને કોઇ મેસેજ?**

જેટલી પણ રજાઓ આવી રહી છે તે ફેમિલી સાથે સમય વિતાવો અને ફેમિલી સાથે ફિલ્મ 'અસંભાઉઉઉ' જોવા જાવ!

## તત્સત મુનશી

**આ ફિલ્મમાં સૌથી ચેલેન્જિંગ પાર્ટ શું હતો?**

સૌથી ચેલેન્જિંગ પાર્ટ મારો રોલ હતો કેમ કે આ ફિલ્મમાં નેગેટિવ રોલ છે અને જ્યારે મને આ કેરેક્ટર વિશે જાણ થઇ ત્યારે હું ખૂબ ઉત્સાહમાં આવી ગયો કે આ રોલમાં કઇક અલગ અને નવું કરવાની મજા આવશે! અને હા આ ફિલ્મ પહેલા હું ડોગ્સથી ડરતો હતો પણ તે ડર આ ફિલ્મ કરવાથી દૂર થયો!

**ઓડિયન્સ હવે કયા રોલમાં જોવા માંગે છે?**

એવા તો ઘણા બધા રોલ છે જે હું કરવા માંગુ છું પણ અત્યારે 'ગો વીથ ફ્લો' જેમ કે આ ફિલ્મમાં આવું જોરદાર કેરેક્ટર મળશે તેવું વિચાર્યું પણ નહોતું! જે રોલ મળતા રહે, તે રોલ કરતા રહેવું હું એ રીતે ચાલું છું. ●

# વારીના હુસેન

## હું માત્ર ગ્લેમર માટે નથી!



RAPID FIRE

**વારીના હુસૈનમાંથી 'હિરા વારીના' કેમ?**
ન્યૂ ચેપ્ટર... ન્યૂ એનર્જી!
**'કિસ કિસકો પ્યાર કરું 2'માં સાનિયા બનીને કેવું લાગ્યું?**
કોમેડી સાથે રોમાન્સનો મજેદાર અનુભવ!
**કપિલ શર્મા સાથે કામ કરવાનું કેવું રહ્યું?**
ફુલ એન્ટરટેઇનમેન્ટ!
**'મેરા ઘર'માં રોલ કેવો છે?**
સિમ્પલ અને ડાઉન-ટુ-અર્થ!
**ગ્લેમરસ વારીના કે સિમ્પલ હિરા?**
કેરેક્ટર જેવું કહે એ!
**કેરિયરમાં મોટો ટર્નિંગ પોઇન્ટ?**
દરેક નવી ફિલ્મ!
**આઇટમ સોંગ કે ફુલ-લેન્થ રોલ?**
ફુલ-લેન્થ રોલ!
**કોમેડી કે ઇન્ટેન્સ ડ્રામા?**
બંને કરવાના છે!
**અક્શન ફિલ્મ કરવી છે?**
100 ટકા!
**વેબ સિરીઝમાં ડેબ્યૂ કરવાનું મન છે?**
સારી સ્ક્રિપ્ટ મળે તો ચોક્કસ!
**બોલિવૂડમાં ફરીથી મોટી ઇનિંગ શરૂ કરવાની તૈયારી?**
હા, આ વખતે કંઈક અલગ!
**સોશિયલ મીડિયા પર પાછા આવવાનું કારણ?**
ન્યૂ ચેપ્ટર શેર કરવો હતો!
**સ્ટ્રોંગ વુમન કેરેક્ટર કે રોમેન્ટિક એક્ટ્રેસ?**
સ્ટ્રોંગ વુમન કેરેક્ટર!
**સ્ટારડમ કે એક્ટિંગની હેપિનેસ?**
એક્ટિંગની હેપિનેસ!
**ડ્રીમ કો-સ્ટાર?**
જેની સાથે સ્ક્રીન કેમિસ્ટ્રી ધમાકેદાર હોય!
**ડ્રીમ ડિરેક્ટર?**
જે મારામાંથી બેસ્ટ એક્ટર બહાર લાવે!
**હવે એક્ટિંગમાં શું સાબિત કરવું છે?**
હું માત્ર ગ્લેમર માટે નથી!
**આશુતોષ રાણા સાથે કામ?**
અદ્ભુત અનુભવ!
**ફિલ્મ પસંદ કરવી હોય તો ગ્લેમર કે કન્ટેન્ટ?**
કન્ટેન્ટ! ●

# પ્રીટિ ઝિન્ટાનો એજ-રિવર્સ મંત્ર શું છે?

**હાલમાં જ પ્રીટિ પેરિસમાં હતી ત્યારે તેને તાવ આવી ગયો હતો, પરંતુ વિદેશમાં પણ તેને શુદ્ધ 'દેશી પ્રેમ' મળ્યો!**

સ્ટાર ફોક્સ

બોલિવૂડની 'ડિમ્પલ ક્વીન' પ્રીટિ ઝિન્ટા ફરી એકવાર સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે અને ચાહકોના દિલમાં 'વાયરલ મોમેન્ટ્સ' ક્રિએટ કરી રહી છે! 90sના દાયકામાં પોતાની ક્યૂટનેસ અને 'ક્યા કહેના'વાળી એનર્જીથી લાખોને ઘાયલ કરનાર પ્રીટિ આજે પણ બિલકુલ એજિંગ લાઇક ફાઇન વાઇનવાળું વાઇબ આપી રહી છે.

તેનો તાજેતરનો લુક હોય કે ઇન્સ્ટાગ્રામની કોઈ પોસ્ટ–તેની દરેક એક્ટિવિટી પબ્લિક માટે સીધી 'મેઈન કેરેક્ટર એનર્જી' બની જાય છે.

હાલમાં જ પ્રીટિ પેરિસમાં હતી ત્યારે તેને તાવ આવી ગયો હતો, પરંતુ વિદેશમાં પણ તેને શુદ્ધ 'દેશી પ્રેમ' મળ્યો! ઇન્સ્ટાગ્રામ પર એક ક્યૂટ વીડિયો શેર કરીને તેણે જણાવ્યું કે એક પડોશી પંજાબી ફેમિલીને તેની બીમારીની જાણ થતાં તેમણે પ્રીટિ માટે તેનું ફેવરિટ કમ્ફર્ટ ફૂડ 'કઢી-ચાવલ' અને 'આલુ ગોભીની સબ્ઝી' ટિફિનમાં મોકલ્યા! આ સ્વીટ જેસ્ચરે પ્રીટિનો દિવસ સુધારી દીધો. તેણે કેપ્શનમાં પંજાબી હોસ્પિટાલિટી બેસ્ટ હોય છે લખીને પોતાનો સિગ્નેચર Ting પણ એડ કર્યો હતો! આ વીડિયો ફેન્સના દિલ જીતી રહ્યો છે.



ચાહકો ખુશ થયા છે પ્રીટિને રાજકુમાર સંતોષીની પીરિયડ ડ્રામા ફિલ્મ 'બંટવારા ૧૯૪૭'માં સન્ની દેઓલ સાથે બિગ સ્ક્રીન પર ફરી વાર જોઇને! ક્રિકેટ સ્ટેડિયમની 'હાઈપ વુમન': IPLની સીઝનમાં પંજાબની ટીમ ભલે ગમે તે મોડ પર હોય, પણ સ્ટેડિયમમાંથી પ્રીટિનું સ્માઈલ અને ટીમ માટેનો સપોર્ટ ચાહકો માટે અલગ જ લેવલનો 'ડોપામાઈન બૂસ્ટ' આપે છે.

50ની નજીક પહોંચવા છતાં પ્રિતીનો ગ્લો અને વર્કઆઉટ રીલ્સ જોઈને નેટીઝન્સ કોમેન્ટમાં બસ એક જ વસ્તુ લખે છે 'મેડમ, તમારું એજ-રિવર્સ મંત્ર શું છે?' સોશિયલ મીડિયા પર તેના જોડિયા બાળકો (જય અને જિયા) સાથેના ક્યૂટ મોમેન્ટ્સ અને લોસ એન્જેલસની લાઈફસ્ટાઈલ ચાહકો માટે શુદ્ધ 'સોફ્ટ કન્ટેન્ટ' છે. ટ્રેન્ડ્સ આવે ને જાય, પણ ઓરિજિનલ 'ડિમ્પલ ગર્લ'નો ચાર્મ ક્યારેય આઉટ ઓફ ફેશન થતો નથી. તે આજે પણ બોલિવૂડની અસલી OG ક્વીન છે! ●